

નગરના હાર્દસમા ઘ- ૪ વિસ્તારમાં અન્ડર પાસ તૈયાર કરવા માટે ઘ-૪ નુ સર્કલ દુર કરી દેવાયુ છે જયારે આ વિસ્તારમાંથી પસાર થતી લાઈન પણ ખસેડવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે ટુંકમાં જ અન્ડર પાસનુ કામ ગતિમાં આવશે જેને અનુલક્ષી આ વિસ્તારમાં ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે રસ્તો પણ તૈયાર કરી દેવાયો છે.

# ગીફટ સીટીના એપ્રોચ માર્ગ પર ૪૦ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ નંખાશે

## સ્ટ્રીટ લાઇટના ૧૮૨ થાંભલા ફીટ કરવા માટે કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરને અડીને નિર્માણ થયેલા ગીફટ સીટીમાં આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગીફટ સીટી વિસ્તારને જોડતા માર્ગ પર સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. આ માર્ગ પર અંદાજિત ૪૦ લાખના ખર્ચે ૧૮૨ જેટલા સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ ફીટ કરવામાં આવશે.

ગાંધીનગર નજીક આકાર લેતા ગીફટ સીટીમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં તોતિંગ ટાવરો સાથે અનેકવિધ કોર્પોરેટ કચેરીઓ , બેંકો સ્ટોક એક્સચેન્જની ઓફિસ અને નતનવી હોટલો પણ શરૂ થઈ છે. જયારે ગીફટ સીટીને જોડતા આનુસંગિક રોડ નેટવર્કને પણ યોગ્ય કરવામાં આવ્યુ છે.

ગીફટ સીટીને જોડતા સિગ્નેચર બ્રિજનુ પણ કરોડોના ખર્ચે તૈયાર કરાયો છે. જયારે આ બ્રિજ પર થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે સ્ટ્રીટ લાઈટ પણ મુકવામાં આવી છે. બીજીતરફ ગીફટ સીટીને જોડતા એપ્રોચ રસ્તા પર સ્ટ્રીટ લાઈટ ફીટ કરવા માટે પણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેના અનુસંધાને તંત્રએ રજુ કરેલી દરખાસ્ત મુજબ એપ્રોચ રસ્તા પર સ્ટ્રીટ લાઈટના ૧૮૨ જેટલા થાંભલા ફીટ કરવામાં આવશે જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે. પાટનગર યોજના વિભાગના ઈલેકટ્રીક ડિવિઝન કક્ષાએથી વર્તુળ કચેરીને આ દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. ટુંકમાં કામને મંજુરી અપાયા બાદ એપ્રોચ માર્ગ પર અજવાળુ પથરાશે.ગીફટ સીટી વિસ્તારમાં રોડ નેટવર્કની સાથે આનુસંગિક સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે.

# ઉનાવા બેઠક માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

## અપક્ષ ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચતા હવે ખેલાશે સીધો રસપ્રદ જંગ : ગામમાં ચૂંટણીની ચહલપહલ વધી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકા પંચાયતની ખાલી પડેલી ઉનાવા બેઠક અંગેનું ચૂંટણી ચિત્ર આજે સ્પષ્ટ બન્યુ છે. આ બેઠક પર હવે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ થશે.

ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના આજે અંતિમ દિવસે અપક્ષ ઉમેદવારે તેમનુ ઉમેદવારી પત્ર પાછુ ખેંચતા હવે આ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર જ મેદાનમાં રહ્યા છે.

બન્ને પક્ષોએ ઉનાવા ગામમાંથી જ ઉમેદવારીની પસંદગી કરી હોવાથી આ વખતનો ચૂટંણી જંગ રસપ્રદ બનશે. બન્ને પક્ષોએ યુવા ઉમેદવારોની પસંદગી કરી છે.

ઉનાવા બેઠક પર ભાજપના સભ્ય ચૂંટાઈ આવ્યા હતા પરંતુ અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે. આ બેઠકની પેટા-ચૂંટણીને લઈ પક્ષો દ્વારા રાત્રિ બેઠકોનો દોર આરંભાઈ ચુક્યો છે. ઉમેદવારોએ પણ લોકસંપર્ક અભિયાન અને ડોર ટુ ડોર અભિયાન હાથ ધરી દીધુ છે.

બન્ને પક્ષો દ્વારા પેટા-ચૂંટણીની રણનીતિ અંગે છેક સુધી મૌન રાખ્યા બાદ હવે આગેવાનોએ સક્રિયતા વધારી દીધી છે.

# જિલ્લાના ૮ ગામોને અમદાવાદમાં સમાવવાને લઈ વિકાસ કમિશનરે જિલ્લાનો અભિપ્રાય માંગ્યો

## ૧૦ થી વધુ બાબતો સાથે સ્પષ્ટ અભિપ્રાય આપવા અને ગ્રામ પંચાયત, તાલુકા તેમજ જિલ્લા પંચાયતના ઠરાવ પણ રજુ કરવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદ મહાનગર પાલિકાની હદમાં ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ, કોટેશ્વર, ભાટ, ચિલોડા, અમીયાપુર, ખોરજ, રણાસણ, સુઘડ, ગામોને અમદાવાદ મનપામાં જોડવાના સ્થાયી સમિતિના પસાર કરાયેલ પ્રસ્તાવ પછી વિકાસ કમિશનરશ્રીની કચેરી હરકતમાં આવી છે.

વિકાસ કમિશનરશ્રીએ ૧૦ જેટલા મુદ્દાઓ સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય માંગતા જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતો સાથે પરામર્શ કરવાની જોગવાઈ પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૭માં કરવામાં આવેલ છે.

આથી મનપા ઠરાવ બાબતે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સમક્ષ ઠરાવ મેળવી ૧૦ જેટલી બાબતો અંગેની વિગતો સાથે સ્પષ્ટ અભિપ્રાય માંગવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ પંચાયતની વસ્તી ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, વસ્તીની ઘનતા (ચો.કી.મી. દીઠ વસ્તી), ખેતી હેઠળની જમીનનો વિસ્તાર, ગ્રામ પંચાયતની મહેસુલી આવક (છેલ્લા ૩ વર્ષની) કરવેરાની આવક (છેલ્લા ૩ વર્ષની), ખેતી સિવાય અન્ય જગ્યાએથી રોજગાર મેળવતી વસ્તીની ટકાવારી, ગામનું આર્થિક મહત્વ જેવા મુદ્દાઓને આવરી લઈ જિલ્લા વિકાસ અધિકારીએ તેમનો અહેવાલ આપવાનો રહેશે.

જિલ્લાના રાજકીય આગેવાનો પણ તંત્રની આ હરકત પછી મેદાનમાં આવ્યા છે અને પંચાયતોને વિરોધમાં પ્રસ્તાવ પસાર કરી આપવા માટે દોડાદોડી આરંભી દીધી હોવાનું મનાઈ રહ્યું છે.

કેટલાક આગેવાનો પંચાયતની પદાધિકારીઓને મળી અમદાવાદ સાથે ભળી જવા માટેનો માર્ગ મોકળો કરવા માટે સમજાવી રહ્યા છે.

બીજી તરફ ૧૯મીએ જિલ્લા પંચાયતની સામાન્ય સભા પણ મળવાની છે તેના પર સૌની નજર મંડાયેલી છે. આ બેઠકમાં આની તરફેણ કે વિરોધનો પ્રસ્તાવ આવે છે કે કેમ તેને લઈ રાજકીય ઉત્સુકતા પણ વધી જવા પામી છે.

જો કે હાલ તો ભાજપ-કોંગ્રેસ કોઈ સ્પષ્ટ વલણ કરતા નથી પરંતુ ૧૯મી સુધી રાહ જુઓ તેવા સંકેતો આપી રહ્યા છે. આ ગામોની મહેસુલી આવક અને કરવેરાની આવક પણ સારી છે તેમજ તાલુકાના પ્રમાણમાં સમૃદ્ધ ગામો ગણાય છે. એક તબક્કે ગાંધીનગર અને અમદાવાદનુ એકીકરણ મેટ્રો કોર્પોરેશનની વાતો થતી હતી. હાલ તો રીંગરોડ સુધીના વિસ્તારને અમદાવાદમાં સમાવવાની વાત થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઠંડા પવનોથી શહેર ઠુંઠવાયું

## શહેરમાં મોસમનો સૌથી ઠંડો દિવસ : મહત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી જ્યારે લઘુત્તમ ૧૧.૮ ડિગ્રી : દિવસે પણ ગરમવસ્ત્રો પહેરવા પડયા

ગાંધીનગર, તા.૧૭

આજે મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. મહત્તમ તાપમાન ૨૫.૬ ડિ.સે. પહોંચતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા. દિવસ દરમિયાન મહત્તમ



તાપમાન ઘટતા વસાહતીઓને દિવસે પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવું પડયું હતું.

ડિસેમ્બર માસના બીજા પખવાડિયામાં સતત ઠંડીનું આક્રમણ વધી રહ્યું છે. છેલ્લા એક અઠવાડિયાથી મહત્તમ અને લઘુત્તમ તામપાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ઠંડીનું આક્રમણ દિવસે દિવસે વધુ તીવ્ર બની રહ્યું છે. ઉત્તરભારતના પર્વતીય વિસ્તારોમાં સતત બરફવર્ષા થઈ રહી છે જેના પરિણામે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠડી વધી રહી છે. ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારમાં આવેલા વિસ્તારોમાં ઠંડા પવનોનો રીતસર કહેર રહ્યો છે. ડીસા, નલીયા, ભૂજ, કંડલા અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન સૌથી ઓછુ નોંધાઈ રહ્યું છે. ઠંડીના મામલે ગાંધીનગર શહેર છેલ્લા પાંચ છ દિવસથી ત્રીજા કે ચોથા ક્રમે રહ્યું છે. લઘુત્તમ તાપમાન ૧૧-૧૨ ડિગ્રીની આસપાસ રહેતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા.

લઘુત્તમ તાપમાન ઘટવાની સાથે સાથે ઠંડા પવનો વધતા મહત્તમ તાપમાન ઘટયું છે. દિવસ દરમિયાન સતત ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ઘરની બહાર નીકળવું પણ જાણે હવે દુષ્કર બની ગયું છે. ઘરની બહાર નીકળવું હોય તો ગરમ વસ્ત્રોમાં સજ્જ થવું પડયું હતું. ઠંડીની અસર તળે નગરમાં અવરજવર ખૂબ ઓછી થઈ ગઈ છે. રાત્રે નવ દસ વાગે તો આખું શહેર જાણે ઠંડીની આગોશમાં લપેટાઈ ગયું હતું. આગામી દિવસો હજુ નગરજનો માટે મુશ્કેલીભર્યા રહેશે.

# પરિણીતાને સળગાવી દેવાના કેસમાં આરોપીને ૬ વર્ષની કેદ

## ગંભીર રીતે દાઝી ગયેલી પરિણિતાને દોઢ મહીના બાદ મોત નિપજયુ હતુ

ગાંધીનગર તા ૧૭

પરિણીતાને સળગાવી દેવાના કેસમાં ગાંધીનગર કોર્ટે તેણીના પતિને ૬ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. દહેગામ તાલુકાના કડજોદરા ગામના બનાવ સંદર્ભે ગાંધીનગરની ડીસ્ટ્રીકટ કોર્ટમાં આ કેસ ચાલી જતા કોર્ટે આરોપીને સજા ભોગવવા હુકમ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર દહેગામ તાલુકાના કડજોદરા ગામમાં રહેતા મંજુલાબેન જગતસિંહ ઝાલાને તેમના પતિ ફતેસિંહ જગતસિંહ ઝાલાએ પત્ની સાથે ઝઘડો કરી જણાંવ્યુ હતુ કે તુ મારા બાપની સેવા કેમ કરતી નથી. તેમ કહી ઉશ્કેરાટમાં આવી પત્ની મંજુલાબેન પર મારી નાંખવાના ઈરાદે પ્રાયમસનુ કેરોસીન રેડીને માચીસથી આગ ચાંપી દીધી હતી. આ બનાવમાં મંજુલાબેન શરીરના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્ત પરિણીતાને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જયાં સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. જયારે દોઢ મહીના બાદ મંજુલાબેનનુ મૃત્યુ થયુ હતુ. આ બનાવ સંદર્ભે રખિયાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીજ્ઞેશ જોષીએ દલીલો કરી

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં કટાયેલા કંગાળ દેખાતા સાઈન બોર્ડ હજુ પણ દુર કરાયા નથી

## સેકટરો અસ્તિત્વમાં આવ્યા ત્યારથી ચિતાર દર્શાવતા આ બોર્ડસ તદન બિન ઉપયોગી પુરવાર થઇ રહ્યા છે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં દાયકાઓ જુના સાઈન બોર્ડસ હજુ પણ કટાયેલી અને કંગાળ હાલતમાં સેકટરોમાં જોવા મળી રહ્યા છે. એકજમાનામાં સેકટરોનો ચિતાર દર્શાવતા સાઈન બોર્ડસ હાલ તદન બિન ઉપયોગી હાલતમાં છે. નરી આંખે જોઈ ન શકાય તેવા આ કાટ ખાઈ ગયેલા સાઈન બોર્ડસ વર્ષોના અંતે પણ દુર કરાયા નથી. સ્માર્ટ સીટીની ઓળખને ઠેસ પહોંચાડતા આવા સાઈન બોર્ડસ દુર કરાતા નથી.




નવા સાઈન બોર્ડસ મુકવા પાછળ માર્ગ મકાન વિભાગ દ્વારા અત્યાર સુધી લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે જુના બોર્ડસ હજુ પણ યથાસ્થાને છે. વાઈબ્રન્ટ સમિટ ટાંણે નગરના માર્ગો પર સાઈન બોર્ડસના સમારકામ પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. નવા સાઈન બોર્ડસ પણ લગાવાયા છે. પરંતુ સેકટરોમાં દાયકાઓ જુના કટાયેલા સાઈન બોર્ડસ દુર કરાતા નથી. એટલુ જ નહીં પરંતુ સેકટરો અસ્તિત્વમાં ત્યારથી સેકટરોનો ચિતાર દર્શાવતા સાઈન બોર્ડસમાં હાલ કટાયેલી હાલતમાં છે. સેકટરોમાં જાહેર સુચના દર્શાવતા બોર્ડસની પણ હાલત આવી જ છે. આમછતા હજુ સુધી સ્માર્ટ સેકટરોમાં આ પ્રકારના બોર્ડસ જોવા મળી રહ્યા છે.

# રાષ્ટ્રીય લોક અદાલતોમાં ૩૦૦૯ કેસોનો સમાધાનથી નિકાલ કરાયો

## લગ્ન વિષયક, મોટર અકસ્માત વળતર, મની રીકવરી સહીત વિવિધ સિવિલ કેસોનો નિકાલ થતા પક્ષકારોને રાહત

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા આયોજિત રાષ્ટ્રીય લોક અદાલતમાં ૩૦૦૯ જેટલા પડતર કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો છે. આ લોકઅદાલતમાં લગ્ન વિષયક , મોટર અકસ્માત વળતર, મની રીકવરી સહીત વિવિધ પ્રકારના કેસોનો નિકાલ કરાયો હતો.

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળના આદેશ મુજબ દેશભરમાં યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતોના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ આઈ જે વોરાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ જિલ્લાની અદાલતોમાં ૧૪ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટના કેસો લગ્નવિષયક કેસો, ૧૩૮ મની રીકવરી, મોટર અકસ્માત વળતરના કેસો ઉપરાંત સિવિલ કેસો મળીને કુલ ૧૦૨૩ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જયારે ડેડવુડ કેસો જેમાં નજીવા પ્રકારના ગુન્હાના કેસ હોય અથવા સામાન્ય દંડ અને સજાની જોગવાઈ હોય તેવા ૧૯૮૬ એમ કુલ ૩૦૦૯ કેસોનો નિકાલ કરાયો હતો. જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સચિવ પી એમ રાઠોડે ઉમેર્યુ હતુ કે ૨૪ કેસ ડોરમેન્ટ ફાઈલ ઉપર મુકવામાં આવ્યા હતા જયારે ૩૧૯ કેસો કોર્ટમાં દાખલ થતા પહેલા સમાધાનથી નિકાલ કરાયો હતો. જેમાં ૧૬૫ કેસો બેંક લોનના તથા ૧૫૪ વિજળી બીલના કેસોનો સમાવેશ થાય છે.

## જાહેર ટેન્ડર નિવિદા

**શ્રી રાજપૂત સમાજ, સે.૧૨ ગાંધીનગરમાં નવ નવનિર્મિત ભવનના બાંધકામ માટેનું મજુરી (Labour Work) કામનું ટેન્ડર**

| | | |
|---|---|---|
| ટેન્ડર મેળવવાની તારીખ | તા. ૨૬/૧૨/૨૦૧૯થી તા. ૪/૧/૨૦૨૦ | સવારે ૧૦:૩૦થી સાંજના ૫:૩૦ સુધી |
| ટેન્ડર સબમીટ કરવાની તારીખ | તા. ૧૦/૧/૨૦૨૦ | સાંજના ૪:૩૦ કલાક સુધી |
| ટેન્ડર ફી | રૂ. ૩૦૦૦/- | રોકડેથી અથવા ડી.ડી.થી |
| ટેન્ડર મેળવવાનું/ સબમીટ કરવાનું સરનામું | બા શ્રી ચંદનસિંહ રાજપૂત સમાજ ભવન, સે.૧૨, ગાંધીનગર. ફોન (૦૭૯)૨૩૨૩૮૭૭૮ મો. (૯૭૨૫૭ ૪૦૩૯૯ | |

પ્રમુખ
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com